**હળવદના મે. એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત,**
**મુ. હળવદ(એન.જી.સુરતી )GJ-00711**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.–૨૫૬/૨૦૨૫**

**હળવદ પો. સ્ટે. સી–પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૮૯૦૦૧૨૫૦૮૯૬**

---

**પટેલ ભાવનાબેન રાજેશભાઈ, ઉ.વ.૪૩,ધંધો–પ્રા.નોકરી,**

**રહે.હરીદર્શન સોસાયટી, રાણેકપર રોડ, મકાન નં.૬૫, હળવદ, જી.મોરબી.**

**...........અરજદાર**

**::વિરુધ્ધ::**

**શ્રી સરકાર ........સામાવાળા**

---

**બી.એન.એસ.એસ.ની કલમ ૪૯૭ મુજબ મુદદામાલ પરત મેળવવા અરજી લગત હુકમ**

---

(૧) સદર કામે હાલના અરજદારે ઉપરોકત ગુન્હાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ **હોન્ડા કંપનીના બે એકટીવા મોટર સાયકલ જેનો આર.ટી.ઓ. રજી. નં. (૧) જી.જે.૩૬.એ.કે. ૪૯૯૮ તથા (૨) જી.જે.૩૬ એ.એન.૨૬૮૫ ની ઓરીજીનલ આર.સી.બુક**નો વચગાળાનો કબજો મેળવવા હાલની આ અરજ ગુજારેલ છે.

(૨) આ કામે તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય મંગાવવામાં આવેલ છે, જેમાં મુદ્દામાલ પરત સોપવાનો અભિપ્રાય આપેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ અરજી પર ''આ કામે આરોપી ભરતભાઈએ વાહન છોડવા સામે વાંધો લીધેલ

છે જયારે અરજદારે આર.સી.બુક મેળવવા અરજી કરેલ છે જે બાબત ધ્યાને લેતાં તથા સદરહુ કામે ફરીયાદ ધ્યાને લેતાં અરજદારની માલીકીના એકટીવા મોટર સાયકલ નંગ–ર તથા આર.સી.બુક આરોપીએ બળજબરીથી લઈ લીધેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપી એકટીવાની આર.સી.બુક લઈ લીધેલ હોવાનું જણાય આવતું હોય તથા પોલીસે તપાસના કામે આરોપી પાસેથી આર.સી.બુક કબજે કરેલ હોય જે બાબત ધ્યાને લેતાં તથા ત.ક.અ.નો અભિપ્રાય ધ્યાને લેતાં, અરજદારને મુદ્દામાલ પરત સોંપવા યોગ્ય હુકમ થવા સામે વાંધો નથી'' તેવો શેરો કરેલ છે.

(૩.૧) સદર કામે આરોપી તરફે વિ.વ.શ્રી ડી.એચ.પંડયાએ આંક–૬થી લેખિત વાંધા જવાબ રજુ રાખી પોતાના વાંધા જવાબમાં જણાવેલ છે કે, આ કામના અરજદારે આપ નામદાર કોર્ટમાં ફો.પ.અ.નં. ૨૫૬/૨૦૨૫થી હળવદ પો.સ્ટે ગુ.રજી.નં.૮૯૬/૨૦૨૫ના કામમાં કબજે કરેલ હોન્ડા કંપનીના બે મુદામાલ મોટર સાઈકલ એકટીવા જેના રજી. નં. (૧) GJ– 36–AK–4998 તથા (૨) GJ–36–AN–2685 મુદામાલ છોડવાની અરજી કરેલ છે જે ગેરકાયદેશર, બોગસ, અને કાયદા વિરુદ્ધની કરેલ છે જે રદ કરવા હુકમ કરવા નમ્ર અરજ છે. (૨) અમોએ આ કામના અરજદાર પાસેથી ગઈ તા.૨૩/૧૨/૨૦૨૪ના રોજ નોટરીશ્રી રુબ્રુના કબ્જા સહિતના વેચાણ કરાર ખતથી બંને એકટીવા મોટરસાયકલ કાયદેસરનો આ કામના અરજદારને અવેજ ચૂકવીને અમોએ ખરીદ કરેલ છે જેમાં (૧) નોટરીશ્રીના રજી.સીરીયલ નં.૨૦૧૪૫ તા.૨૩/૧૨/૨૦૨૫ના કબ્જા સહિતના વેચાણ કરાર ખતથી મોટરસાઈકલ એકટીવા જેના રજી. નં.GJ–36–AN–2685 અમોએ આ કામના અરજદાર પાસેથી ખરીદ કરેલ છે. (૨) નોટરીશ્રીના રજી.સીરીયલ નં.૨૦૧૪૬, તા.૨૩/૧૨/૨૦૨૫ના કબ્જા સહિતના વેચાણ કરાર ખતથી મોટર સાઈકલ એકટીવા જેના રજી. નં. GJ–36–AK–4998 અમોએ આ કામના અરજદાર પાસેથી ખરીદ કરેલ છે આથી અમો આ બંને એકટીવા મોટર સાયકલના એકમાત્ર કાયદેસરના માલિક છીએ આ કામના અરજદારને આ બને મુદામાલ મોટરસાયકલની

મુદામાલ અરજી કરી કબજો લેવાનો કોઈ અધિકાર નથી જે ધ્યાને લઈ હાલની અરજદારની અરજી રદ કરવા હુકમ કરવા અરજ છે. આ કામના અરજદારે તથા તેમના પતિએ સાથે મળીને અમારી પર હળવદ પોસ્ટે ગુ.રજી.નં.૮૯૬/૨૦૨૫થી ખોટી અને બોગસ ફરિયાદ કરેલ છે જે ગુનામાં અમો જમીન પર મુક્ત છીએ આ કામના અરજદારને બંને મોટર સાયકલ અમારી પાસેથી ખોટી રીતે પડાવી લેવા માટે અમારી સામે તદન ખોટી ફરિયાદ કરેલ છે જેનો નિર્ણય હાલ પેન્ડીંગ છે જે ધ્યાને લેવા નમ્ર અરજ છે. અમો આરોપીની માનસર નમ્ર અરજ છે કે આ કામના અરજદારે અમો આરોપીને સદરહુ બંને મુદામાલ મોટર સાયકલ વેચાણ આપી દીધેલ હોવા છતાં તેના આ કામના અરજદારે અમો આરોપીને નોટરી રુબ્રુના કબ્જા સહિતના વેચાણ કરારખત કરી દીધેલ હોવા છતાં તેમજ અમોને બંને મુદામાલનો કબજો સોંપી આપેલ હોવા છતાં અને આ કામના અરજદારે બંને મુદામાલ અમોને વેચાણ આપેલ છે તેવું સારીરીતે જાણતા હોવા છતાં આ કામના અરજદારે આપ નામદાર કોર્ટને ગુમરા કરવા તેમજ નામદાર કોર્ટનો સમય વ્યય કરવા માટે તેમજ માત્ર બંને મુદામાલની RC BOOK તથા Motor Cycle (Activa) તેઓના નામે હોય જેના આધારે મુદામાલની ખોટી અરજી કરી અને સદરહુ મુદામાલ પરત મેળવવાની અરજીમાં આ કામના અરજદારે અમો આરોપીને નોટરી રુબ્રુના કબ્જા સહિતના વેચાણ કરારખત કરી દીધેલ હોય તેવું જાણી જોયને છુપાવીને અરજીના સંદર્ભમાં ખોટું સોગંદનામું કરી ખોટી રીતે અને કાયદા વિરુદ્ધ મુદામાલનો ગેરકાયદેસર કબજો મેળવવા માટે હાલની અરજી કરેલ છે જે ધ્યાને લેવા નમ્ર અરજ છે. અમો આરોપીની માનસર નમ્ર અરજ છે કે આ કામના અરજદારને જો આ બંને મુદામાલ સોંપવામાં આવે તો બંને મુદામાલ પરત્વેનો અમારો હક્ક તથા અમારું માલિકી પણું રહે તેમ નથી અને અમારે ભારે તેવું નુકશાન ભોગવવું પડે તેમ છે. અમો આરોપીની માનસર નમ્ર અરજ છે કે સદરહુ બંને મુદામાલ મોટરસાયકલ છોડાવાની અમો આરોપી કાર્યવાહી કરવાના છીએ તેમજ આ કામના અરજદારે અમારી પર ખોટી ફરિયાદ કરેલ છે તેના વિરુદ્ધ પણ અમો આરોપી આ કામના અરજદાર વિરુદ્ધ કાર્યવાહી કરવાના છીએ જે ધ્યાને લેવા નમ્ર અરજ છે. અમો આરોપીની માનસર નમ્ર અરજ છે કે સદરહુ બંને મુદામાલ મોટર સાયકલ અમારી

આજીવિકા તેમજ અમારા ધંધાના કામે ખુબજ ઉપયોગી છે જો આ બંને મુદામાલ આ કામના અરજદારને સોંપવામાં આવશે તો અમારે ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે જે ધ્યાને લઈ હાલની મુદામાલ અરજી રદ કરવા હુંકમ કરવા નમ્ર અરજ છે. આ કામના અરજદારે હાલની મુદામાલ અરજી ગેરકાયદેસર તેમજ ખોટી રીતે કરેલ હોય જેને રદ કરવા હુકમ કરવા નમ્ર અરજ છે.

(૩.૨) આ સાથે તેઓએ દસ્તાવેજી પુરાવા લીસ્ટ આંક–૭થી રજુ રાખી નિશાની ૭/૧થી કબજા સહિત વેચાણ કરારખત તા.૨૩/૧૨/૨૪ની ઝેરોક્ષ નકલ વાહન નં. જી.જે. ૩૬ એ.એન. ૨૬૮૫ માટે રજુ રાખેલ છે તથા નિશાની ૭/૨થી કબજા સહિત વેચાણ કરારખત તા.૨૩/૧૨/૨૪ની ઝેરોક્ષ નકલ વાહન નં. જી.જે. ૩૬ એ.કે. ૪૯૯૮ માટે રજુ રાખેલ છે. જે વંચાણે લેતાં આ કામના અરજદાર ભાવનાબેન રાજેશભાઈ પટેલે કબજા સહિત વેચાણ કરાર આ બન્ને વાહનોના કરી આપેલ છે અને આ બન્ને વેચાણ કરારો તા.૨૪/૧૨/૨૪ ના રોજના છે અને તેમાં તેઓએ સ્પષ્ટરીતે સ્વીકાર કરેલ છે કે આ વાહન પેટે તેઓને વેચાણની રકમ મળી ગયેલ છે. આ કામે પક્ષકારો તર્ફે અરજીમાં બન્ને પક્ષે જે રજુઆત કરવામાં આવેલ છે તેમાં પટેલ ભાવનાબેન રાજેશભાઈ કે જેણી આ કામના અરજદાર છે તેણીએ માર્ક–૭/૧ તથા ૭/૨થી તા.૨૩/૧૨/૨૪ના રોજ આ કામના આરોપી ભરતભાઈ રાણાભાઈ રબારીને બન્ને વાહનો વેચાણ કરારથી વેચાણ કર્યા બાદ તા.૨૪/૦૯/૨૦૨૫ના રોજ હળવદ પો.સ્ટે.ના ગુના રજી. નં.૧૨૫૦૮૯૬/૨૦૨૫થી આરોપી સામે ફરીયાદ દાખલ કરેલ તેના કામે પંચનામાની વિગતે પોલીસે આરોપીના ભત્રીજાની પાસેથી આ મુદ્દામાલ વાહનો તેમજ વાહનોની અસલ આર.સી.બુકો કબજે લીધેલ જે પરત્વે આ કામના અરજદાર કે જે ફરીયાદી છે તે પટેલ ભાવનાબેન રાજેશભાઈએ બન્ને વાહનોની ઓરીજનલ આર.સી.બુકની માંગણી કરેલ છે.

(૪) ઉપરોકત વિગતો ધ્યાને લેતાં, આ કામે બચાવપક્ષે નીશાની ૭/૧ તથા ૭/૨થી જે વેચાણ કરાર રજુ રાખેલ છે તે ફરીયાદમાં દર્શાવ્યા મુજબ

સને ૨૦૨૪ના વર્ષના વેચાણ કરારો આ કામના ફરીયાદીને ધમકાવીને કરાવેલ હોવાનું સને ૨૦૨૫ના વર્ષમાં ફરીયાદીએ હળવદ પો.સ્ટે.માં ફરીયાદ આપી જણાવેલ છે તે કામે આરોપીના ભત્રીજાના પાસેથી પંચનામાની વિગતે મુદ્દામાલ વાહનો તેમજ બન્ને વાહનોની અસલ આર.સી.બુક પોલીસે કબજે કરેલ છે પરત્વે બચાવપક્ષે રજુ રાખેલ આંક-૬ના વાંધા જવાબ ધ્યાને લેતાં તેમાં ઉપસ્થિત કરેલ તકરાર પુરાવાનો વિષય હોય અને હાલના તબક્કે પુરાવો લીધા સિવાય તે નક્કી કરી શકાય તેમ ન હોય, જો હાલના તબક્કે બચાવપક્ષે રજુ રાખેલ નિશાની ૭/૧ તથા ૭/૨ના વેચાણ દસ્તાવેજોની વિગતો અંગે ખરાઈ કર્યા સિવાય અરજદારને સોપવામાં આવે તો પુરાવા બાદ તે હકીકત ફરીયાદપક્ષ પુરવાર ન કરે તો બચાવપક્ષને અન્યાય થવાની સંભાવના રહેલ છે અને હાલ આ કામે પુરાવો રેકર્ડ કરવામાં આવેલ નથી ત્યારે આ બાબતે પુરાવો લીધા સિવાય નિર્ણય થઈ શકે તેમ ન હોય હુ નીચે મુજબ હુકમ કરવો ન્યાયી માનુ છુ.

## :: હુકમ ::

અરજદારની સદર ગુનાના કામે કબ્જે કરેલ મુદ્ધામાલ પરત મેળવવાની અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૯મી માહે:માર્ચ સને ૨૦૨૬ના રોજ હળવદ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

હળવદ.

તા.૦૯/૦૩/૨૦૨૬ ( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ.

કોડ નં.જી.જે.૦૦૭૧૧.

*H.D.Lakum*
*Steno.*